**પ્રથમ વર્ષ માસ્ટર ઓફ પ્લાનીંગ (એમ. પ્લાન.) અભ્યાસક્રમ માં ઓફ-લાઈન રાઉન્ડના અંતે સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો માટેનો કાર્યક્રમ - વર્ષ-૨૦૨૧.**

પ્રથમ વર્ષ ૨૦૨૧ માં માસ્ટર ઓફ પ્લાનીંગ (એમ. પ્લાન.) અભ્યાસક્રમની ઓફ-લાઈન પ્રવેશ પ્રક્રિયા તા. ૨૪/૦૯/૨૦૨૧ ના રોજ પૂર્ણ થયેલ છે.

સદર પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યનાં પ્રવર્તમાન જાહેરનામાં મુજબ ભરવાની થાય છે. જેનાં અનુસંધાને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામાં આવેલ છે.

ખાલી પડેલ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી તા. ૩૦/૦૯/૨૦૨૧ થી તા. ૦૪/૧૦/૨૦૨૧ દરિમયાન યોજાશે. ઉમેદવારે સ્વનિર્ભર સંસ્થાઓની ફી ને ધ્યાને રાખી સંસ્થા ખાતે સંસ્થા દ્વારા જાહેર કરેલ કાર્યક્રમ મુજબ સંસ્થા ખાતે નિયત ફી રૂ. ૫૦૦/- રોકડા ભરીને પ્રવેશ ફોર્મ મેળવી સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી સંસ્થા સ્તરે કરવાની રહેશે. સંસ્થાના પ્રવેશ કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે-તે સંસ્થા ખાતે જવાનું રહેશે. અગાઉનો પ્રવેશ સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશ રદ થતા ઉમેદવારને ફી રીફંડ', સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામા ના નિયમ "Cancellation Of Admission And Refund of Fees" પ્રમાણે થશે.

પ્રવેશ કાયમ કરાવવા માટે અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે. પ્રવેશ મળશે જ તેની કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

વધુ વિગત તેમજ Latest Updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

તા. ૩૦/૦૯/૨૦૨૧

**- મેમ્બર સેક્રેટરી**